VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ‘કૂવો’-નવલકથામાં નારીનું સંઘર્ષી જીવન


## પ્રવિણભાઇ ભીખાભાઇ વજીર

મો-9427512191

ઈમેલ-pravinvajir@gmail.com

Ph.D. રિસર્ચ સ્કૉલર,

ગુજરાતી વિભાગ,

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ


અનુઆધુનિક યુગમાં દલિત ચેતના અને નારી ચેતનાને વિકસવાનો બહોળો અવકાશ પ્રાપ્ત થયો છે. પરંતુ નારીવાદી ન હોવા છતાં નારીકેન્દ્રી હોય તેવી સબળ નવલકથાઓ ગુજરાતી સાહિત્યને પ્રમાણમાં ઓછી સાંપડી છે. ‘કૂવો’ નવલકથા એવા સમયમાં એક સીમાસ્તંભ બની રહી છે, ને એજ રીતે “સૌથી વરવી સ્થિતિ ભારતના ખેડૂતોની છે. ગોદાનનો પ્રભાવ ગુજરાતી સર્જકોએ ઝીલ્યો નથી. આવી પરિસ્થિતિ વચાળે નારી વિમર્શની સાથોસાથ કિસાન વિમર્શનું નિદર્શન પૂરું પાડતી નવલકથા ‘કૂવો’ નું ગુજરાતી સાહિત્યમાં પ્રગટવું આશ્વાસિત છે.” [૧]

1994 માં પ્રગટ થયેલી ‘કૂવો’ અશોકપુરી ગોસ્વામીની બીજી નવલકથા છે. તે કુલ 50 પ્રકરણો અને 208 પૃષ્ઠોમાં આકાર પામેલી કૃતિ છે. ‘કૂવો’ એ ચરોતર પ્રદેશના ગ્રામ્ય પરિવેશનું આલેખન કરે છે. ડુંગરનું મશીન ગામડામાં ધીરેધીરે આવતા બદલાવનું પ્રતીક છે, તો દરિયાનો નવો કૂવો સ્ત્રીના મનોબળની એના આંતરસત્વની નિશાની છે. ‘કૂવો’ નવલકથામાં મુખ્યપાત્રમાં ડુંગર અને દરિયા, તો ગૌણપાત્રોમાં મફો, ભીખો, વસ્તો, વિરીયો, દાજી, ગોકળ ભગત, મુખી, ત્રંબક શેઠ વગેરે છે. મફો ડુંગરનો પુત્ર છે, વાઘજી ડુંગરના પિતા અને નાગજી ડુંગરના કાકા છે.

‘કૂવો’ ના કેન્દ્રમાં કંકાસિયો કૂવો છે. આ કંકાસને કાયમી ધોરણે ટાળવા કૂવાને પૂરીને નવો કૂવો ખોદવાનું ભગીરથ કામ પાર પાડતી દરિયા આ કૃતિનું ચાલક બળ છે...ગુજરાતી કથાસાહિત્યમાં એક યાદગાર બની જાય એવું સ્ત્રીપાત્ર દરિયા નિમિત્તે મળ્યું છે એમ કહેવામાં કઈં ખોટું નથી.

‘કૂવો’ નવલકથાએ નારીવાદી નવલકથા નથી પરંતુ નારીકેન્દ્રી નવલકથા છે. જેમાં સદ્ અને અસદ્ તત્ત્વોનો સંઘર્ષ સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને રીતે જોવા મળે છે, અને નવલકથાને અંતે નાયિકા દરિયાનો વિજય એટલે કે, સદ્તત્ત્વનો વિજય છે જેમાં લેખક અશોકપુરીના કથાન્યાય જોવા મળે છે. તો આવી સબળ અને પ્રબળ કૃતિ ‘કૂવો’ની પરિએષણાએથી તપાસ કરીએ. ખેતરનો ખોળો ખૂંદતા ખેડૂતવર્ગ અને તેની સાથે થતા અન્યાય, શોષણ અને અત્યાચાર તથા તેની સામે અવાજ ઉઠાવતી ખેડૂત પત્ની દરિયાની આ કથા છે. “આમ, તો આ નવલકથાને કોસ, મશીન અને કૂવો એમ ત્રણ ખંડોમાં વહેંચી શકાય. વંશીવેલાથી મુખી અને ડુંગરાના ખેતરના પરિવાર વચ્ચે-ભાગિયો કૂવો હોય છે. કૂવો ડુંગરના ખેતરમાં છે અને મહિનાના વીસ દિવસે ડુંગરના ખેતરમાં અને દસ દિવસ મુખીના ખેતરમાં કોસનું પાણી વહેંચવાનું લખાણ છે.” પરંતુ મુખી કોસ આપવા બાબતે આડોડાઈ કરે છે, પોતાની સત્તાના જોરે મન ફાવે તટલા દિવસ કૂવે પોતાનો કોસ જોડે, અધવચ્ચે ડૂંગરને પોતાના ખેતર પર કામ કરવા બોલાવે, એટલું જ નહીં પણ કૂવાના થાળાનું સમારકામ કરવાનો ખર્ચ પણ ડૂંગરને જ ભોગવવો પડે છે. સર્જકે નવલકથાની શરૂઆતમાં આ અન્યાયી પરિસ્થિતિ મૂકી આપી છે.

અહીં આ પરિસ્થિતિ ડુંગરે તો સ્વીકારી લીધેલી છે પરંતુ દરિયા તો નોખી માટીમાંથી ઘડાયેલી નારી છે. તે અન્યાયની સામે વાવાઝોડાની જેમ ફુંકાય છે. એની વાણી અને વર્તનમાં અન્યાયનો પ્રતિકાર અભિવ્યક્ત થાય છે. ડુંગર અન્યાયી-

http://vidyajournal.org

નાગોડ મુખીની સામે રુએ રુએ ઠરી ગયેલો માનવી પરંતુ દરિયા વિવિધ પ્રકારના વાક્પ્રહારોથી પાનો ચઢાવે છે – જેમ કે "તમને કંઈ ભોનબોંન સે કે નહીં ? ચ્યોં હુધી આમ બેહી રેશો ?... મફાના બાપુ તમ ઢીલાપોચા તો ખરા, નેંતર મગદૂર છે એમની કે આપડા ખેતરમાં કૂવો અને આપડા જ ખેતરાં તરસ્યાં રે !" (પૃ.૧૧-૧૨)

ધોળા દિવસે ડુંગરના ખેતરમાંથી ઘાસચારા ચોરી કરતા વસ્તાના દીકરાને પકડીને ડુંગર આકરામાં આકરી સજા ફટકારે છે, ભાવિના ગર્ભમાં ડુંગરના કર્મની આ જ પ્રકારની ડુંગરને સજા મળવાની છે તેના બીજ સર્જકે આ પ્રસંગમાં જ રોપી દીધાં છે. બીજી તરફ મુખી, સાપ મરે પણ લાઠી ન તૂટે તેવી નીતિ અપનાવીને મુખી પોતાને થયેલા અપમાનનો બદલો લેવા વસ્તા સહિત નાગોડ ટોળકીને કાળી રાતે મોકલે છે તેમાં ભીખાની ગેરહાજરીની તકને પણ ઝડપી લેવામાં આવી છે. અહીં વસ્તો અને તેના માણસો ડુંગર, દરિયા અને મફા પર અમાનુષી અત્યાચાર ગુજારે છે.

પાત્રાલેખનની દ્રષ્ટિએ સર્જક અહીં ઘણા સભાન જણાય છે. નવલકથાના તમામ પાત્રો માનવ સહજ ક્રિયાઓ કરતા જણાય છે, પરિસ્થિતિને વશ ન થતાં તેનો સામનો કરે છે પરંતુ તેમાં પણ સર્જકે કોઈ પાત્રને દેવત્વ અર્પવાનો વ્યર્થ પ્રયત્ન નથી કર્યો, તમામ પાત્રોને આપમેળે વિકસાવવાનો અવકાશ પૂરો પાડ્યો છે. મૂળે આ નવલકથા નાયિકાકેન્દ્રી છે. દરિયા તેની નાયિકા છે. અને તેના સંઘર્ષની આસપાસ નવલકથાની ઘટનાઓના તાણાવાણા ગૂંથાયા છે. "અગાઉ મળેલી ગુજરાતી ગ્રામીણ નાયિકા રાજુ કે ચંદાથી ('માનવીની ભવાઈ'), ('જનમ ટીપ') એ ભિન્ન છે. રાજુને કાળુની, તો ચંદાને ભીમાની ઓથ છે જ્યારે દરિયાને એકલ પંડે લડવાનું આવ્યું છે. ભીખો કે દાજી છે પણ આમનેય દોરનારી દરિયા છે." તે ખુંધિયા મુખીનો અત્યાચાર સહન કરવામાં માનતી નથી પણ તેની સામે વિદ્રોહનો બ્યુગલ ફૂંકે છે. 'કૂવો' એ સંઘર્ષ ભરી કથા છે. તેનું મુખ્ય પાત્ર દરિયા છે જે ગ્રામીણ ગૃહિણી નારી છે. તે પોતાના ગામમાં પતિ અને દીકરા સાથે સુખી સાંસારીક જીવન જીવતી હોય છે. પતિ ડુંગર પણ પોતાની જમીનમાં વધુ પાક થાય તે માટે મશીન મુકાય તેવા સ્વપ્નમાં રાચતો હોય છે. પોતાના ખેતરમાં કૂવો હોવા છતાં મુખીને ત્રીજો ભાગ આપેલો એટલે મુખી કુવાને પોતાનો ગણે છે. આમ અન્યાયની સામે પોતાના પતિને આવી હાલતમાં જોતા દરિયા ચૂપ રહી શકતી નથી. 'કૂવા' માટે કરીને એક દિવસ પોતાના પતિને પાણી ચઢાવે છે. "મૂંગા ઢોરને માર્યા કરતાં પોંણી હોય તો બાઝોને ઓલ્યા ખુંધીયા હોમે. બહું જોર હોય તો મુખીનો કોસ બંધ કરાવી અને આપડા જોડો તાર ખરા જોંણું." (પૃ.૧૫-૧૬)

દરિયા પાસે કોઈપણ કાર્ય અને તેની પાછળ વિમર્શ કરવાની આગવી કોઠાસૂઝ છે. તે પોતાની વાતને તર્કવિતર્ક અને વ્યવસ્થિત રીતે રજૂ કરવાની ક્ષમતા ધરાવે છે. ખેતરમાં જ્યારે ડુંગર મુખીને કૂવામાં લબડાવે છે અને ત્યાર પછી પણ ડુંગર તો ચીઢાયેલો જ રહે છે પરંતુ દરિયા એ વખતે પોતાની વાત સ્પષ્ટ રીતે રજુ કરે છે કે "મુખી મોટા, કૂવો અમારા ખેતરમાં, અમારા બે ભાગ કૂવામાં અને ત્રીજો તમારો ચ્યમ ખરું ને !... જેવો કૂવામાં ત્રીજો ભાગ એમ તીજા ભાગનું ખરચેય તમારે આલવાનું લેખમાં ઠરાયું સે તોય..." (પૃ.35) આટલું કહીને બાજી સીધી ડુંગરાને સોંપીં દે છે. મુખીને સમ્મત કરીને બાનમાં લેવાની આ યુક્તિ-પ્રયુક્તિ અને સ્પષ્ટ અભિગમ દાદ માંગી લે તેમ છે. પતિ સામે પણ પોતાનો વિચાર રજૂ કરવાની આ જ રીત મશીન બાબતે પણ સારી પેઠે સર્જકે કામે લગાડી છે. ડુંગર ભાઈલાલના કહેવાથી કૂવે મશીન બેસાડવાની વાત કરે છે ત્યારે દરિયા એકાએક ખાબકતી નથી. એ કહે છે કે, "એ તમારી વાત ખરી પણ આગળપાછળનો વચાર કરવો પડે. વગર જોંણે- કર્યે ભોંણિયો લાઈ અનં બેહી જઈએ, પછ્ય જિંગી પાલવ્વો પડે. પણ એક કોમ કરો; જાં મશીન ચાલતું હોય તાં જોઈ આવો, વેરાં ખોટી થઈ ધણીને પૂછીગાછીને બધું પાકે પાયે જોંણી લાવો. પછય પાવે એમ લાગે તો લાવવાનો નૈંણય પાકો કરો. મશીન લાવતા પહેલાં તમં એના જાણકાર તઈ જાઓ એક વાર. ચેવું સે મશીન ? ચેવું હેંડે સે ? ચ્યમનું પોંણી કાઢે સે ? ચેટલામાં આવે છે? અનં ચેટલો ખરચ આવે સે? ખરચનુય વિચારું પડે ને પાછુ આપડે. આ બધાં મશીનો તો પાછા હાથી બાંધ્યા જેવા એના ખરચાય ભારે. હુંય હમજુ સુ કે કોસેથી ખેતરાં પિવાડતાં તમને ઝાઝી આપદા પડે સે અને તમને મશીનની લગની લાગી સે તો મેલો નં, ચ્યોં ના સે મારી ?" (પૃ.52.53) દરિયાનાં આ વિધાનમાં તેનું ગણતર વધારે લેખે લાગ્યું છે. પતિને પ્રેમ અને તર્ક બંનેની મદદથી સમજાવવાની તેની રીત

http://vidyajournal.org

ધ્યાનાકર્ષક છે. દરિયા પોતાના ગાંડા થયેલા પતિ ડુંગરની દવા માટે જ્યારે મશીન વેચવાની વાત આવે છે ત્યારે તે બોલે છે. "નથ્ય વેચવાનું મશીન" જોઈએ તો ઢોરાં વેચીસ.

દરદાગીના કે વાસણકૂસણ વેચીસ ; પણ મસીન તો નં ઈ જ." (પૃ.134) આ વિધાનમાં દરિયાનો મશીનના સંદર્ભે પતિ ડુંગર પ્રત્યેનો પ્રેમ દર્શાવવામાં આવ્યો છે, અને આવા જ સમયે તે પરિસ્થિતિને પણ પડકાર ફેંકે છે કે "ભગતકાકા ! માંણહેય બેઠું થસે અનં મસીનેય બેઠું રે'સે. એમને પમઘાડ તમં દવાખોને લઈ જતા હોય તો કાલ લઈ જાવ, હવારે લઈ જાવ. દાજી, હપૂચા મૂંઝાયા વગર તમં એમને લઈ જાવ દવાખોંને. ઘરની કે ખેતરાંના મારી જવાપદારી." (પૃ.134)

દરિયા એ ગ્રામસમાજની સ્ત્રી હોવા છતાં તેના વિચારોમાં આધુનિક શહેરી નારીની છાંટ જોવા મળે છે, જ્યારે ડુંગરને સાજો કરવા બાબતે દાજી, ભગત અને કાશી સારંગપુર હનુમાનજીના દર્શને લઈ જવાની વાત કરે છે ત્યારે તે વિરોધ કરતા કહે છે કે "ઓંમાં મંદિર મા'ઘેવનું કોંમ નંઈ. આ હનેપાત કાશી, બાધા-આખડી, જંતરમંતર કે દોરા-માદરિયાં કર્યે ના મટે. માદરિયાં દવાનું કોંમ ના કરે કાશી." (પૃ.140)

સર્જકે દરિયાને વિશેષ રૂપે વિકસાવવા માટે દરિયાનો પોતાની જાત સાથેની સંવાદ મૂક્યો છે જેમાં દરિયાનો પાતાની જાત સાથેની પ્રશ્નોતરી છે અને એમાંથી દરિયાનો અંતરઆત્મા જે ઝંખે છે તે અંદરનો અવાજ દરિયા સાંભળે છે અને કંકાસિયા કૂવાને નાથવાનું કપરું કામ હાથમાં લે છે તે દરિયાનો આંતર સંવાદ નવલકથામાં ધ્યાનાર્હ અને વળાંક છે તે જુઓ.

દરિયા- "મન એ વાતે હગડગ સે કે રડું તો હું ઘઉંને રડું કે ભવને ? એક કોર મોટી તકરાર અનં એકકોર મોંદો ભરથાર, સું કરું ?"

અંદરનો અવાજ- પરથમ ભરથારને મટાડ પછ્ય તકરારને .... બંગડી અસે તો બાજરી ગમે ત્યાંથી પેદા થસે... દરિયા ધાર કે આ તકરાર હપૂચી મટે તો .... ?

દરિયા- 'તો તો કશા ડખા જ ન રે'ને ? લઢવાડ જ ના રે'

અંદરનો અવાજ- 'તે તારું એમ કે'વું સે કે કૂવો જ કંકાહનું મૂળ સે ?'

દરિયા- 'ના જરાય નઈ. આપડા કૂવામાં એમનો ભાગ પેહી ગ્યો સે એને લીધે એમની પજવણી સે.'

અંદરનો અવાજ- 'તો કાઢને કૂવામાંથી એમનો ભાગ !...'

અંદરનો અવાજ- 'કૂવામાં ભાગનો કંકાહ હોય તો મટાડી નોંખ. કાઢ જડામૂળ કંકાહનું.'

આ પછી દરિયાનું ખરું સ્વરૂપ તો ભજન મંડળીના વાર્તાલાપ વખતે પ્રગટે છે. કૌરવોના અનેક પ્રહારોથી અભિમન્યુ ઘેરાય એમ ભજન મંડળીમાં દરિયાને ઘેરાવાનો વારો આવે છે. અનેક પ્રશ્નોના પ્રહારો છીંકણી આપ લેના વિરમ વખતે થાય છે.

'ચ્યમનું સે ડુંગરને ?'

'અલી તારા ભાયડાને દવા-બવા તો કરાય !'

'ચ્યોંથી કરાવે ? નવા કૂવાના તાયફામાંથી નવરી થાય તો કરાવે ને ?!'

'થોડા કૂકા ભેગા થયા એમાં કૂવા કરવા ને'હરી'

આવા તડતડતા તણખા જેવા વિધાનોની સામે દરિયાની જવાબ ભભૂકતી આગ જેવો છે, તે જુઓ.

"તમને બધાંને મારી ચ્યમ એટલી બધી લ્હાય બળે સે ! તમં કે'નારીઓ ચિચે મોઢે મને સલ્યા આલો સો? ગોંડા ભાયડાને પાલવનારી હું બેઠી સું. એ તમને કંઈ ભારે પડવાનો નથ્ય તમં તમારા ઘણીને હાચવીનં બેહોનં અલીઓ! 'નવા કૂવાનો તાયફો' કેનારીને મારે એટલું જ કે'વાનું, બોંન નવો કૂવો તો મારા મોંથાનો મોંડ સે." એનાથી મારું મોથું શોભવાનું, હમજી ? મારો કૂવો પૂરો થશે અને એમાં પોંણીય થશે.

http://vidyajournal.org

દરિયાનો આવો ભરપુર આત્મવિશ્વાસ અને ટેક જ તેની પાસે નવો કૂવો ખોદાવે છે અને કંકાસિયા કૂવાનું નામો નિશાન મિટાવી દે છે. દરિયાના આ પુરૂષાર્થ આગળ મુખીની નાલેશી ભરી હાર થાય છે. દરિયાના પાત્ર બાબતે અનેક વિવેચકોએ પોતાના મંતવ્યો રજુ કર્યા છે.

દરિયાના પાત્ર સંદર્ભે પારુલ રાઠોડ જણાવે છે કે "નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધતી અને અંતે વિજયને વરતી દરિયા લોકત્તર નારી બની રહે છે. દરિયાના પાત્રને અસાધારણ કે લોકોત્તર બનાવવા જતાં નવલકથાકાર દરિયામાં લગભગ બધા જ ગુણોનું આરોપણ કરે છે. એને કારણે સર્વગુણ સંપન્ન બની જતી દરિયા માનવીય રહેતી નથી." આમ કહેવા ઉપરાંત દરિયાની સરખામણી તેઓએ 'જનમટીપ' ની ચંદા સાથે કરી છે. અને ચંદાને ચઢીયાતી દર્શાવી છે. પરંતુ ડો.કે.એમ.મકવાણા આ સંદર્ભે નોંધે છે કે "અહીં ચડતા-ઉતરતાની માત્રાથી પા6ને મૂલવા કરતાં કથાની પરિસ્થિતિમાં એ પાત્ર કેટલું બંધબેસતું છે ને તેના ચરિત્ર વિકાસ ઘડતર બરાબર થયું છે કે કેમ એ જ પૂરતું છે." [૧]

અંતે તો દરિયાની લોકોત્તરતાની બાબતને સાવ કિનારે મૂકવાની ભૂલ કર્યા વિના તપાસીએ તો પણ દરિયાનું પાત્ર વિરલ તરી આવે છે.

નારીનું એક સંઘર્ષવાદી ચિત્ર આપણને અહીં 'કૂવો' નવલકથામાં છતું થતું જોવા મળે છે. નારી એ આપણા સમાજ-કુળનું થડ કહી શકાય. નારી પોતાની આંતરવેદનાને અંદરને અંદર ધરબી દેનારી અને પાછી હસતી છે એ એના મૂળિયાં જે કોઈથી કળી શકાતાં નથી.

અહીં બે વર્ગોની વાત કરવામાં આવી છે. એક બાજુ કચડાયેલો તરછોડાયેલો સમાજ છે તો બીજી બાજુ ભોગવિલાસથી રાચતો વર્ગ છે. એક બાજુ મુખી જેવા મોટા માણસ તો બીજી બાજુ ડુંગર અને એના જેવા બીજા માણસો કચડાયેલા છે. આ સમાજમાં કુરિવાજો પણ જોવા મળે છે. આ બાબત પરથી આવા સમાજમાં નિરક્ષરતા, અંધશ્રદ્ધા, વહેમ વગેરે માન્યતાઓ કરી શકાય છે.

અહીં ગ્રામ્ય પરિવેશનું વાતાવરણ કળી શકાય છે. ખેતરમાં બપૈયાના છોડ, કસ, બળદ, ભેંસ વગેરે જેવા શબ્દો એક ગામડાની પ્રતીતિ કરાવે છે. નારીનું એક સંઘર્ષવાદી ચિત્ર આપણને અહીં કૂવો નવલકથામાં છતું થતું જોવા મળે છે. નારી આપણા સમાજ-કુળનું થડ કહી શકાય. નારી પોતાની આંતરવેદનાને અંદરને અંદર ધરબી દેનારી છે

આ બધાનું મૂળ કૂવો છે. કૂવાને લીધે જ બધા સંઘર્ષ ઉદ્ભવે છે. મુખીનો માણસ વસતો એક રાત્રે ખેતરમાં દેખરેખ રાખતા દરિયા અને ડુંગરને દબોચે છે અને અત્યાચાર કરે છે. આવો અત્યાચાર સહન ન થતા દરિયા જૂનો કૂવો પૂરી નવો કૂવો બનાવવાની હામ ભરે છે. આ બાબતે તેને ગામની અન્ય સ્ત્રીઓના મહેણાંટોણાં સહન કરવાં પડે છે. પણ દરિયા દિલથી તૂટતી નથી. ડુંગર પોતાના ભાઈબંધ ભીખો, તેની પત્ની કાશી, પોતાનો દીકરો મફો, ડુંગરના કાકા નાગજીભાઈ અને મિત્ર ભગત બધાંને મહેનત કરતાં જોઈ દરિયાને પ્રોત્સાહન મળે છે. દરિયા પોતાના હક માટે લડે છે એટલે એ હારવાનું પસંદ કરતી નથી. 'અન્યાય સહન કરવો કદાચ સહેલો છે અઘરું તો છે અન્યાય સામે લડવું અને એ પણ સામા પવને! છેવટે દરિયા બધી રીતે સામે લડે છે અને કૂવો પણ કરાવે છે અને મશીન પણ. કૂવો પોતાના પેટાળમાં કેટલું જળ ધરબીને બેઠો છે એમ નારી પણ પોતાના હૃદયમાં કેટલી વેદના, યાતનાઓ અને શોષણ ધરબીને બેઠી છે છતાં બહાર તો મીઠું જળ જ લાવે છે!

નારીવાદી એ આજના સમયમાં કોઈ એક નારીની સંઘર્ષકથા નથી. જ્યાં-જ્યાં સ્ત્રીઓ છે ત્યાં તેમનું શોષણ થતું હોય છે અથવા તેને સમસ્યા રૂપે જોવામાં આવે છે. નારીએ પોતાના હાથે લડત લડવાનું કામ કરવાનું છે. સમાજમાં હંમેશા ઊંચું સ્થાન-મોભો આપવાનું કામ સમાજ કરે છે પણ ક્યારેક ઉતરતું સ્થાન પણ એ જ સમાજ આપતો હોય છે.

## સંદર્ભસૂચિ:-

1. કૂવો- અશોકપુરી ગોસ્વામી આર.આર. શેઠની કંપની, અમદાવાદ આવૃત્તિ-૨૦૧૪
2. ભરત મહેતાઃ 'કૂવો' મેઘાણી પરંપરાનું સાતત્ય, વિ-વિદ્યાનગર ફેબ્રુઆરી 2008, અંક-2, પૃ.12.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

3. પારુલ રાઠોડ- 'પરબ' એપ્રિલ-૧૯૯૮ પૃ-૪૨

http://vidyajournal.org